## (D - 76) સ્વસ્તિ શ્રી મહાવિદેહક્ષેત્રમાં

(રાગ-ધોળ)

સ્વસ્તિ શ્રી મહાવિદેહક્ષેત્રમાં, જીહાં બિરાજે તીર્થંકર વીશ,
તેને નમાવી શીશ, કાગળ લખું નાથજી. ટેક ૧

સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટ એકસો સીત્તેર,
તેમાં નહિ ફેર, કાગળ લખું નાથજી. ૨

સ્વામી ગંધ હસ્તિસમ ગાજતા, ત્રણ લોક તણા પ્રતિપાળ,
છો દીન દયાળ, કાગળ લખું નાથજી. ૩

સ્વામી કાયા સુકોમળ શોભતી, શોભે સુંદર સોવન વાન,
કરું પરણામ, કાગળ લખું નાથજી. ૪

સ્વામી ગુણ અનંતા છે આપના, એક જીભે કહ્યાં કેમ જાય?
લખ્યા ન લખાય, કાગળ લખું નાથજી. ૫

ભરતક્ષેત્રથી લખીતંગ જાણજો, આપ દર્શન ઈચ્છક દાસ,
રાખું તુમ આશ, કાગળ લખું નાથજી. ૬

મેં તો પૂર્વમાં ખામી રાખી ઘણી, જેથી તુમ દર્શન રહ્યા દૂર,
ન પોંચું હજુર, કાગળ લખું નાથજી. ૭

મારા મનમાં સંદેહ અતિ ઘણા, આપ વિના કહું કિહાં જાય?
અંતર અકળાય, કાગળ લખું નાથજી. ૮

આડા પહાડ પર્વતો ને ડુંગરા, જેથી નજર નાખી નવ જાય,
દર્શન કેમ થાય? કાગળ લખું નાથજી. ૯

સ્વામી કાગળ પણ પહોંચે નહીં, નહિ પહોંચે સંદેશ કે સાંય,
હું તો રહું આય, કાગળ લખું નાથજી. ૧૦

દેવે પાંખ આપી હોયે પિંડમાં, ઊડી આવું દેશાવર દૂર,
તો પહોંચું હજૂર, કાગળ લખું નાથજી. ૧૧